# ગીત

## પ્રકાશ પરમાર

### .1.

ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

બાનો પાલવ, મીઠાં સપનાં ને વરસાદી હોડી,
ભીની પથારી કરી શરમથી દેતો મોં સંતાડી.
કાચના ટુકડા, ખાલી બાકસ, પેન તુટેલી,
લખોટીઓ, ફીલમના ફોટા, મોંઘી મુડી;
સૌને માટે હોય ભલે એ રદ્દી!
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

ઈત્તાકીત્તા, ચલકચલાણી, પીપળે સંતાકુકડી;
ભય સંગાથે ભુતની આંબલી એકલી એકલી રમતી.
દાદાજીની મુછો નીચે પરીઓ કેવી હસતી!
રાક્ષસ, રાજા, રાજકુંવરની વાતો ગમતી.
એ રાક્ષસની બેટી કેવી લગતી ભદ્દી!
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

નાસતાંનાસતાં નાસ્તો થતો, વાળું બપોર ઉભડકઉભડક;
ચોક વચાળે ડંગોરાનો ઘોડો કુદતો તબડકતબડક.

ગાય કોની વીયાશે પહેલી એની થતી રકઝક,
સળવાળા ને બાદબાકીની વચ્ચે ઝરતી ચકમક.
ઘંટ નીશાળની છુટ્ટી હવે રહે શી વદ્દી?
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

ધુળમાં પગલી પીચકારીમાં ભરી છલોછલ હોળી,
ગામતળાવે ડુબકી, વડલે ઉંધી ટીંગાટોળી.
ભેરુબંધોની ટોળી લઈને ફરતી ગીલોલગોળી,
ચડે પતંગ આકાશે લુંટવા થતી દોડાદોડી.
કો'ક તો પછી આપો મારી કપાઈ ગયેલી ફુદ્દી!
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી..!

## .2.

પાંદડાંએ ખરવાનો નન્નો ભણ્યો અને કુંપળને ફુટવાનાંઓરતાં,
છણકો કરીને તેથી કુંપળ બોલી : 'નહીં ખરતાં તે પાન બધાં ચોરટાં!'

ઝાડ જેવું ઝાડ જ્યારે ખુરસી થઈ જાય, 'નહીં ખરવા' ને 'ફુટવા'ની હોડ લાગે,
પોતીકા સંબંધો હડસેલી બધ્ધામાં આગળ થવાની જ દોડ લાગે!
રઘવાયાં પંખીઓ માળો કરવાને હવે ફ્લેટમાં બખોલોને શોધતાં.
પાંદડાંએ ખરવાનો નન્નો ભણ્યો અને કુંપળને ફુટવાના ઓરતાં,
છણકો કરીને તેથી કુંપળ બોલી : 'નહીં ખરતાં તે પાન બધાં ચોરટાં!'

ઝાડ પણ મુંગું મુંગું પંપાળે વેદના, આ વાત પર હસવું કે રોવું?
સીમેન્ટના જંગલમાં જેમતેમ એણે પણ જાળવ્યું છે ઝાડ જેવા હોવું.

લાગી આવે છે સાલું ફુલો પણ જાણે ફ્લાવરવાઝમાં જ મ્હોરતાં!
પાંદડાંએ ખરવાનો નન્નો ભણ્યો અને કુંપળને ફુટવાના ઓરતાં
છણકો કરીને તેથી કુંપળ બોલી : 'નહીં ખરતાં તે પાન બધાં ચોરટાં!'

## .3.

પંખીને હોય કેવું સારું!
મનગમતાં ઝાડની મનગમતી ડાળ પર બેસી શકે એ પરબારું!
ઝાડનેય નથી હોતું મારુંતારું!

કાગડોય અહીં બેસી ક્રાંઉ... ક્રાંઉ.. કરતો ને બુલબુલ પણ અહીં બેસી બોલે,
પારેવાં જોડ કરે વ્હાલની ઉજાણી એની મસ્તીમાં ડાળ આખી ડોલે;
તડકો કે છાંયડો, ફળ-ફુલ-કાંટા, અહીંયાં તો બધ્ધું સહીયારું.
પંખીને હોય કેવું સારું!

ક્યાંથી આવો છો? તમે કેવાં છો? એવું તો પંખીઓ કોઈને ના પુછે,
માણસ જેવું નથી કે આંસુનાં કારણ પહેલાં પુછે ને પછી લુંછે.
એટલે તો કેટલાય માણસને નડી રહ્યું માણસ હોવાનું અંધારું.
પંખીને હોય કેવું સારું!
મનગમતાં ઝાડની મનગમતી ડાળ પર બેસી શકે એ પરબારું!
ઝાડનેય નથી હોતું મારુંતારું....!!

## .4.

ચાલો, થોડુંક માણસ માણસ રમીએ!
ઈશ્વર ઈશ્વર બહુ થયું; હવે સાલસ સાવ નીખાલસ રમીએ!

ટીલાંટપકાં, હોમ-હવન ને બાધાઆખડી બહુ કર્યાં,
પાપપુણ્યના નહીં દેખાતા વહીવંચાથી ખુબ ડર્યા;
ભાર બધોયે હળવો કરીને 'હાશ'ને બાથમાં ભરીએ.
ચાલો, થોડુંક માણસ માણસ રમીએ!
ઈશ્વર ઈશ્વર બહુ થયું; હવે સાલસ સાવ નીખાલસ રમીએ!

ભવ્ય મન્દીર મહાલયોની બંદી એમને માફક આવી,
કંઈ જ નહીં કરીને રળવાની લાલચ એમને ખુબ જ ફાવી;
પરસેવાના પમરાટથી બંધ આંખોને ખુલ્લી કરીએ!
ચાલો, થોડુંક માણસ માણસ રમીએ!
ઈશ્વર ઈશ્વર બહુ થયું; હવે સાલસ સાવ નીખાલસ રમીએ!

## .5.

વેલાને નામે અમે વાડ જ ઉછેરી, હવે કાંટા આવ્યા છે એને ઝેરી;
ચોગમ ઉંચેરી દીવાલ ચણીને અમે વાડની જ બાંધી દીધી દેરી!

લોકનું તો શું કે'છે એની માને... તાયફાથી એવા એ તો ભરમાશે,
ધુમાતું ઉંબાડીયું ચાપશું જરીક ત્યાં તો વાંહેથી મોર એ થાશે.
પછી દાઢીમાં તણખલું નાંખે તક જોઈને એ જ પરખંદો ઝવેરી!
ચોગમ ઉંચેરી દીવાલ ચણીને અમે વાડની જ બાંધી દીધી દેરી!

સમજણની રાખે અહીં કોણ દરકાર, જ્યારે હૈસો-હૈસોના ઢોલ વાગે,
સારાનરસાનો ભેદ ગામના ગોંદરેથી જ મુઠ્ઠી વાળીને પાછો ભાગે,
ઉપરઉપરથી લોક સારીપો રાખે ક્યાં અંદરથીયે સમજે છે વેરી?
વેલાને નામે અમે વાડ જ ઉછેરી, હવે કાંટા આવ્યા છે એને ઝેરી!

## .6.

સળગે મારે હૈયે હોળી!
પીચકારીઓ ભરી ભરી આવે ઘેરૈયા ટોળી!

સાજન વેરી ઝંખે તુજને મારું અંગેઅંગ,
તારા વીના મુજને લાગે ફીક્કા સઘળા રંગ;
રાખશે ક્યાં લગ કોરી મુજને? દે તારામાં બોળી.
સળગે મારે હૈયે હોળી!

ભરચક ઘમરક રંગ વચાળે રંગવીહોણી હું,
આવ, વહેલો આવ મને જોઈએ કેવળ તું;
જોગણ બનીને જાચું સાવ સુની મારી ઝોળી.
સળગે મારે હૈયે હોળી!

## .7.

છોકરી હવે માથાબોળ ન્હાય છે;
માવતરની ચીંતા વધી જાય છે!

ડુંગરનો ભાર બધો રુદીયામાં દાબી રાખે વહેતા પવન જેવું મન,
કોળેલાં કેસુડાં જેવું જ ખીલ્યું છે સાવ ભડકીલું એનું ગવન;
ખીલેલાં ફુલની સોડમની જેમ એય હવે મઘમઘ થાય છે!
છોકરી હવે માથાબોળ ન્હાય છે.

માવઠું કમોસમી આવી પડવાની બીક છાતીમાં ફાળ થઈ આવે,
કૈં પણ વાવ્યું નથી એવી ભોમ કોળે ને નીંદામણ દોથો ઉગી આવે;
આગામી અવસાદો સાંભરી સાંભરી ભીતરથી એ તો તરડાય છે!
માવતરની ચીંતા વધી જાય છે!

## .8.

અમને બહુ ભાવી, બહુ ભાવી;
આ વરણાગી સાંજ રુમઝુમ રુમઝુમ આવી.

આછો કેફ આંખોમાં આંજી મનભર હરપળ લાવી,
નાગરવેલનાં કુણાં પાનની કુંપળ સાથે લાવી!
મ્હેક્ભીનો ગજરો એની ચોટલીએ વીંટળાવી;
આ વરણાગી સાંજ રુમઝુમ રુમઝુમ આવી.

ઉડતી ગોરજ, ઝાલરટાણું, માળો શોધતાં પંખી;
પરસાળના સુના હીંચકાએ ઠેસ પગની ઝંખી.
અવાવરું ઓરડાને ખોલવા કોઈ લગાડો ચાવી,
આ વરણાગી સાંજ રુમઝુમ રુમઝુમ આવી.

## .9.

શામળીયાને શ્વાસ ચડ્યો છે, ગોવર્ધન ઉંચક્યાનો;
‘વેન્ટીલેટર’ પર રાખ્યો છે એને સૌથી છાનો છાનો.

ગોકુળીયામાં સોપો પડી ગ્યો મુંઝવણને સરનામે,
‘ઈ.સી.જી’ ને ‘ઈકો’ કરાવી ‘લેબ’ નામના ધામે;
હ્રદયકંપ આવે પછી માણસ ક્યાં રહે છે અહીંયાંનો ?
શામળીયાને શ્વાસ ચડ્યો છે, ગોવર્ધન ઉંચક્યાનો;
‘વેન્ટીલેટર’ પર રાખ્યો છે એને સૌથી છાનો છાનો.

મારી ઠેકડાં શીકે ચડી હવે માખણ નહીં ખવાશે,
મારી ધુબાકો જમનામાંથી દડુલો નહીં લવાશે;

ગર્વ બધોયે ગળી જવાનો કાળી નાગ નાથ્યાનો,
શામળીયાને શ્વાસ ચડ્યો છે, ગોવર્ધન ઉંચક્યાનો;
'વેન્ટીલેટર' પર રાખ્યો છે એને સૌથી છાનો છાનો.

## .10.

હરી, આવો કાં બોલાવો...!
જોવા તમને મારે લેવો ભવ-ભવનો ચકરાવો?

પાકેલી કેરીની સોડમ હું સંતાડું કેમ?
અક્ષત ઝંખના મળવાની હવે ગોપીત રાખું કેમ?
હરુંભરું તમને થવાનો મેં કીધો દાવો,
હરી, આવો કાં બોલાવો...!

મંદીર, દેરી, મહાલયો શી હવેલીઓ પણ ઠાલી,
આરાધન, કીર્તનનાં ગાણાં લાગે ખાલી ખાલી;
હોવાપણાની સાચુકલી એક ધજા ફરકાવો,
જોવા તમને મારે લેવો ભવ-ભવનો ચકરાવો?
હરી, આવો કાં બોલાવો!

પ્રકાશ પરમાર

સર્જકસમ્પર્ક :
પ્રકાશ પરમાર,
A-301, પારસમણી એપાર્ટમેન્ટ, બેજનવાળા કૉમ્પ્લેક્સની પાછળ, તાડવાડી, રાંદેર રોડ, સુરત-395 005 eMail : **lightmoonthesir@gmail.com** Mobile : 9925022959
facebook : **https://www.facebook.com/prakash.parmar.942?fref=search**

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગીત–ગઝલ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

..ઉત્તમ ગજ્જર..

@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : તેરમું – અંક : 394 – 18 February, 2018

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,47,10,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 91,80,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 9,82,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 8,66,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@